ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરમાં અગનવર્ષા : પારો ૪૫ ડિગ્રી

## શહેરના તેજસ્વી તારલાઓ... ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડમાં ઝળક્યા...







# ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કેન્દ્રનુ ૮૮.૦૬ ટકા પરિણામ

## કેન્દ્રવાર પરિણામમાં ગાંધીનગર મોખરે : સૌથી ઓછુ માણસા કેન્દ્રનુ ૭૮.૦૬ ટકા, જયારે જિલ્લાનુ પરિણામ ૮૬.૨૧ ટકા : ૪૬ વિદ્યાર્થીઓનો એ-વન ગ્રેડમાં સમાવેશ

### કઈ શાળાના કેટલા એ-૧માં..

| | |
|---|---|
| ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ | ૧૩ |
| સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર | ૧૩ |
| સેન્ટ ઝેવિયર્સ | ૫ |
| સ્કૂલ ઓફ એચિવર -કુડાસણ | ૫ |
| માઉન્ટ કાર્મેલ | ૩ |
| એમ.બી. પટેલ હાઈસ્કૂલ | ૧ |
| ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ | ૧ |
| વેદ ઈન્ટરનેશનલ | ૧ |

ગાંધીનગર તા ૧૭

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૬માં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનુ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જિલ્લાનુ પરિણામ ૮૬.૨૧ ટકા જાહેર થયુ છે. જયારે ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૮૮.૦૬ ટકા આવ્યુ છે. જિલ્લાના ચારેય કેન્દ્રોમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ મોખરે રહયુ છે. જિલ્લામાંથી કુલ ૪૬ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો હતો. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાનુ પરિણામ ૮૬.૨૧ ટકા રહયુ હતુ. જિલ્લામાંથી પરિક્ષા માટે નોંધાયેલા ૫૮૨૩ પૈકી ૫૭૩૫ વિદ્યાર્થીઓએ પરિક્ષામાં હાજરી આપી હતી. જયારે આ પૈકી ૪૬ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. જયારે ૨૬૬ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે.૪૮૮ ને બી વન ગ્રેડ, બી ટુ માં ૭૩૦ અને સી વનમાં ૧૨૧૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. સી ટુ કેટેગરીમાં ૧૬૧૨ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યુ છે. જિલ્લાના ૭૯૧ વિદ્યાર્થીઓને પરિક્ષામાં સફળતા મળી નથી. જયારે કેન્દ્ર મુજબ પરિણામ પર દ્રષ્ટી નાંખીએ તો જિલ્લાના ચારેય કેન્દ્રમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ આવ્યુ છે.

ગાંધીનગર કેન્દ્રમાંથી ૩૯૦૪ વિદ્યાર્થીઓ પરિક્ષામાં હાજર રહયા હતા. જયારે આ પૈકી ૩૪૩૮ વિદ્યાર્થીઓ સફળ થયા છે. જયારે ૪૬૬ વિદ્યાર્થીઓને સફળતા મળી નથી. ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૮૮.૦૬ ટકા આવ્યુ છે.ચાંદખેડા કેન્દ્રમાંથી પણ ૬૨૧ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જેમાંથી ૫૧૬ વિદ્યાર્થીઓ સફળ થયા છે. આ કેન્દ્રનુ પરિણામ ૮૩.૦૯ ટકા આવ્યુ છે. જયારે કલોલ કેન્દ્ર પરથી ૭૦૪ પૈકી ૫૯૫ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. કલોલ કેન્દ્રનુ પરિણામ ૮૪.૫૨ ટકા રહયુ છે. જયારે માણસા કેન્દ્રના પણ ૫૦૬ પૈકી ૩૯૫ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. માણસા કેન્દ્રનુ પરિણામ ૭૮.૦૬ ટકા આવ્યુ છે.

## એ વન ગ્રેડ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ

| નામ | શાળાનુ નામ |
|---|---|
| ગરીમા એમ. પટેલ | ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ |
| અંકુલ અમન દાસ | માઉન્ટ કાર્મેલ શાળા |
| વંદન નવિનભાઈ પટેલ | માઉન્ટ કાર્મેલ શાળા |
| વિશ્વ રમેશભાઈ પટેલ | માઉન્ટ કાર્મેલ શાળા |
| રુચિ બી પટેલ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| આશિષ એમ લીંબાની | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| કાજલ પી પટેલ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| ચેતન આર પ્રજાપતિ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| ઋષિલ વાય પટેલ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| કિંજલ બી રાણા | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| હર્ષ જે પટેલ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| મોહિત એચ ખાનચંદાની | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| શૈલજા કે દવે | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| કેવલ સી સોની | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| શિવમ આર શર્મા | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| પુજા ડી પટેલ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| દ્રષ્ટી ડી નાકરાની | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ |
| આરતી એસ પટેલ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર |
| આકાંક્ષા જે પટેલ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર |
| હર્ષ એ ઓઝા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર |
| વિપ્રા પી યાદવ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર |
| જોય એન ચૌધરી | કુડાસણ સ્કુલ ઓફ અચિવર |
| મોસમ મહેતા | સેન્ટ ઝેવિયર્સ |
| જીલ આર માંકડીયા | સેન્ટ ઝેવિયર્સ |
| ઈશિતા એન થાનકી | સેન્ટ ઝેવિયર્સ |
| રાજન એચ ચૌધરી | એમ બી પટેલ સ્કુલ |
| ધર્મ જે પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| જીતસિંહ ઠક્કર | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| હિમિલ જે પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| નેહાલ કે ડામોર | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| હર્ષપાલસિંહ રાઓલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| નૈનિલ વી પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| અર્પિત જે પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| અભિષેક જે પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| ક્રીનાલ એન પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| સંયમ એમ ગાંધી | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| રોહિત એમ ચૌધરી | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| મીત જી પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| મૃણાલ એમ પુરોહીત | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર |
| ઋતુ ગીરીશકુમાર પટેલ | વેદ ઈન્ટરનેશનલ સ્કુલ |
| માર્ગી સી. શાહ | સેન્ટ ઝેવિયર્સ |

### ગાંધીનગર શહેરના છેલ્લા પાંચ વર્ષના ગરમીના આંકડા

| | |
|---|---|
| ૭-૬-૧૧ | ૪૨.૪ |
| ૧૬-૫-૧૨ | ૪૧.૮ |
| ૧૬-૫-૧૩ | ૪૩.૪ |
| ૦૪-૦૬-૧૪ | ૪૪.૮ |
| ૧૮-૫-૧૫ | ૪૪.૬ |
| ૧૫-૫-૧૬ | ૪૪.૫ |
| ૧૭-૫-૧૬ | ૪૫.૦ |

# ગાંધીનગરમાં અગનવર્ષા

## ગાંધીનગર શહેર-જિલ્લામાં મંગળવારે મહત્તમ ૪૫ ડિગ્રી અને લઘુતમ ૩૧ ડિગ્રી પારો નોંધાયો હતો : મંગળવાર મોસમનો સૌથી વધુ ગરમ દિવસ બન્યો : જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ : 'લુ' લાગવાથી અનેક નગરજનોને અસર : મોડીસાંજ સુધી ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ ફરતો રહ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સહિત જિલ્લાભરમાં પડી રહેલી પ્રચંડ ગરમીને પગલે રહિશોના હાલ બેહાલ થઈ ગયા છે. ગરમીનો પારો નીચે આવવાનું નામ નથી લેતો. છેલ્લા ૩ દિવસથી સતત ગરમીનો પારો ૪૩ ડિ.સે. થી ૪૫ ડિ.સે. વચ્ચે નોંધાઈ રહ્યો છે. આજે પણ શહેરમાં ગરમીનો પારો વધુ આક્રમક બનતા પારો ૪૫ ડિ.સે. રહ્યો હતો. જ્યારે લઘુત્તમ ૩૧ ડિ.સે. રહ્યો હતો.



તાપમાનનો લઘુત્તમ અને મહત્તમ બન્ને પારો ઉંચે નોંધાતા નાગરિકો સવારે ગરમી અને સાંજે બફારાથી ભારે ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. અને ગરમીથી બચવા અવનવા નુસકા અપનાવી રહ્યા છે.

રાજ્યભરમાં સૂર્યનારાયણ દિવસ ને દિવસે પોતાના આક્રમક મુડમાં આવી રહ્યા છે. જેને લઈ ઉત્તર ગુજરાત અને કચ્છ સહિત સૌરાષ્ટ્રના મોટા ભાગના જિલ્લાઓમાં ગરમીનો પારો સતત વધી રહ્યા છે. કાળઝાળ અને જીવલેણ ગરમીથી દરરોજ અસંખ્ય નાગરિકો લૂ નો શિકાર થઈ રહ્યા છે અને હજુ પણ ૨ થી ૩ દિવસ આ ગરમીથી રાહત મળે તેવી કોઈ જ શક્યતા દેખાતી નથી.

રાજ્યભરમાં પડી રહેલી ગરમીથી પાટનગર ગાંધીનગર પણ હાલ સૌથી વધુ ગરમ શહેર બની ગયુ છે. છેલ્લા ૩ દિવસથી ગાંધીનગરમાં વહેલી સવારથી ગરમી ઉંચકાતા માર્ગો સુમસામ બની જાય છે અને લોકો ના છૂટકે જ ઘરની બહાર નીકળવાનું સાહસ કરે છે.

ગાંધીનગર શહેરમાં આજે મહત્તમ ગરમીનો પારો તેની સૌથી ઉંચી સપાટી ૪૫ ડિ.સે. નોંધાયો હતો, જ્યારે લઘુત્તમ તાપમાનનો પારો ૩૧ ડિ.સે. રહ્યો છે. સવાર અને સાંજ બન્ને સમયનો તાપમાનનો પારો સતત ઉપર જતા નાગરિકો સવારે આગ ઓકતી ગરમી અને સાંજે અસહ્ય બફારાથી ભારે પરેશાન થઈ ઉઠ્યા છે. શહેરનો ગરમીનો પારો ૪૫ ડિ.સે. નોંધાતા ગાંધીનગર રાજ્યના હોર્ટસ્ટ સીટીમાં આવી ગયું છે.

● અનુસંધાન પાન-૭ પર

## હીટવેવથી સમગ્ર ઉત્તર ગુજરાત અગનભઠ્ઠી બન્યુ

### ઉત્તર ગુજરાતના તમામ શહેરોમાં ૪૩ થી વધુ તાપમાન નોંધાતા જનજીવન ખોરવાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલા હિટવેવમાં આજે ઉત્તર ગુજરાતના મોટાભાગના શહેરોમાં તાપમાનો પારો ૪૩ ડિગ્રીને પણ પાર કરી જતાં ઉત્તર ગુજરાતનું જનજીવન ખોરવાઈ જવા પામ્યું છે.

ઉત્તર ગુજરાતના ડીસામાં આજે ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે મોડાસા, પાટણ, અને મહેસાણામાં ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હિંમતનગરમાં ૪૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

ઉત્તર ગુજરાતમાં અસહ્ય ગરમીને કારણે બપોરના સમયે બજારો પણ બંધ રહ્યા હતા. ઉત્તર ગુજરાતમાં ગરમીને પગલે તેની અસરો જનજીવન પર પડવા પામી છે.

વીજળીના પંખા નીચે પણ લોકો રાહત અનુભવતા ન હોવાનો અહેસાસ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

અસહ્ય ગરમીને પગલે ખેતીવાડીના કામો પણ લગભગ ઠપ્પ થઈ જવા પામ્યા છે. તો બીજી તરફ પાણીની ખેંચ પણ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વધી જવા પામી છે.

હવામાન ખાતાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે હજુ ત્રણ દિવસ સુધી આ હિટવેવ યથાવત રહે તેવી સંભાવનાઓ છે.

### નોટીસ

સાંચા કામ સબબે, તારીખ ૧૯-૫-૨૦૧૬, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૫.૦૦ કલાક સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

**(૧) વાલ્મી સબસ્ટેશન, સેક્ટર-૮**

સહી/-
ટોરેન્ટ પાવર લીમીટેડ





**તાકિદે વેચવાનું છે**

**ઝેરોક્ષ મશીન**

મોડેલ નં. ૨૫૨૫ વેચવાનું છે

સંપર્ક

૯૪૨૮૨ ૧૭૫૫૭








Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com